# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23/10/2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

1. **કેન્દ્રીય મંત્રી અમિત શાહ આજે અમદાવાદ અને ગાંધીનગરમાં વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે**
2. **ક્ષય નાબૂદીમાં ઉચ્ચ સારવાર સફળતા દર સાથે, નર્મદા જિલ્લાની ઉદાહરણરૂપ કામગીરી**
3. **રાજ્યભરમાં આજે ભાઈબીજની હર્ષોલ્લાસ સાથે ઉજવણી**
4. **આગામી સાત દિવસ રાજ્યમાં છૂટાછવાયા સ્થળોએ કમોસમી વરસાદની આગાહી**
5. **ICC મહિલા એક દિવસીય ક્રિકેટ વિશ્વ કપ 2025માં, આજે ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે મુકાબલો**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# AMIT SHAH GUJARAT

રાજ્યના બે દિવસના પ્રવાસે આવેલા કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે અમદાવાદના સાણંદમાં સાણંદ-ખોરજ GIDC છ માર્ગીય રોડનું ખાતમુહૂર્ત કરશે. ત્યારબાદ તેઓ ગાંધીનગરના સેક્ટર-17માં નવનિર્મિત સદસ્ય નિવાસ સંકુલનું લોકાર્પણ કરશે. શ્રી શાહે ગઇકાલે અમદાવાદના થલતેજ ખાતે સવારે નૂતન વર્ષ અને તેમના જન્મદિન નિમિત્તે શુભેચ્છાઓનું આદાન-પ્રદાન કર્યું હતું.

---

# AMIT SHAH SOMNATH

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અને શ્રી સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી અમીત શાહના 62માં જન્મદિવસે શ્રી સોમનાથ મંદિરમાં ધાર્મિક આયોજન કરાયું.ગીર સોમનાથ જિલ્લાના અમારા પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે સોમનાથ મંદીરમાં આયુષ્ય મંત્રજાપ, મહાપૂજા સહિતના ધાર્મિક આયોજન કરાયું. શ્રી શાહના નિરામય, દિર્ઘાયુ અને સમગ્રલક્ષી કલ્યાણની પ્રાર્થના સાથે મહાપૂજા માટે પૂજન સામગ્રી અર્પણ કરવામાં આવી હતી.

---

# NARMADA TB MUKT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 2025 સુધીમાં ક્ષય મુક્ત ભારતનું લક્ષ્ય નર્મદા જિલ્લામાં પ્રગતિ કરી રહ્યું છે. ઉચ્ચ સારવાર સફળતા દર સાથે , નર્મદા ક્ષય નાબૂદી માટે એક મોડેલ બની ગયું છે. ગુજરાત હવે ટીબી મુક્ત ભારત અભિયાન હેઠળ ટોચના પ્રદર્શન કરનારા રાજ્યોમાં સ્થાન ધરાવે છે. જિલ્લા ક્ષય અધિકારી ડૉ. ઝંખના વસાવાએ જણાવ્યું હતું કે અસરકારક રાજ્ય નીતિઓ અને કેન્દ્ર સરકારની નિક્ષય મિત્ર યોજનાને કારણે ક્ષયના કેસોમાં તીવ્ર ઘટાડો થયો છે.

(BYTE: DR. ZHANKHNA VASAVA- DISTRICT TB OFFICER)

---------------------------------------------------------------------------------------------

# 112 HELPLINE

રાજ્યમાં વિવિધ તાત્કાલિક સેવાઓને પહોંચી વળવા માટે શરૂ કરાયેલી હેલ્પલાઇન 112ને ઘટનાસ્થળે ત્વરિત પહોંચવામાં સફળતા મળી છે. રાજયના નાગરિકોને આગ, તબીબી, મહિલા સુરક્ષા અંગેની સેવાઓ એક નંબર પરથી મળી રહે તે માટે રાજ્ય સરકારે 112 હેલ્પલાઇન નંબર જાહેર કરેલો છે. રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે કહ્યું , ચાર મોટા શહેરો અમદાવાદ , વડોદરા, રાજકોટ અને સુરતમાં 112 હેલ્પલાઇનની ટીમ કોલ મળતા જ આઠ મિનિટમાં ઘટનાસ્થળે પહોંચી જાય છે.

(BYTE-VIKAS SAHAY-DGP)

---

# GST BACHAT UTSAV

કેન્દ્ર સરકાર દ્વારા 22 સપ્ટેમ્બરથી શરૂ કરાયેલો GST બચત ઉત્સવ તમામ વર્ગના લોકોને લાભ આપી રહ્યો છે. અત્યારે દિવાળીના તહેવારોમાં GST ઘટાડાથી ઓટોમોબાઇલ ક્ષેત્રમાં પણ ખરીદીમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ અંગે પંચમહાલ જિલ્લાના એક કાર શોરૂમ માલિકે પ્રતિક્રિયા આપી.

BYTE: AMIT RANDEKAR- SHOWROOM OWNER

---

# BHAI BEEJ

રાજ્યભરમાં આજે ભાઈબીજની પરંપરાગત રીતે હર્ષોલ્લાસ સાથે ઉજવણી થઈ રહી છે. ભાઈબહેનના પ્રેમ અને પવિત્ર બંધનના પ્રતિક સમી ભાઈબીજને યમ દ્વિતીયા પણ કહેવાય છે. પૌરાણિક કથા અનુસાર યમરાજ બહેન યમુનાને મળવા આવ્યા ત્યારથી ભાઈ બીજની ઉજવણીની શરૂઆત થઈ. ભાઈ બીજના દિવસે બહેન ભાઈને તિલક કરી નાળિયેર આપે છે અને ભાઈના લાંબા આયુષ્ય અને સારા સ્વાસ્થ્યની કામના કરે છે.

---

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

---

## WEATHER FORECAST

હવામાન વિભાગે આગામી સાત દિવસ રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી કરી છે. આજે દક્ષિણ ગુજરાતનાં ડાંગ , તાપી, નવસારી અને વલસાડમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. જ્યારે બે દિવસ બાદ આણંદ , વડોદરા, છોટા ઉદેપુર , અમરેલી, ભાવનગરમાં પણ વરસાદની આગાહી હોવાનું હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે. દરમિયાન ગઇકાલે નવસારી , ડાંગ સહિતના જિલ્લામાં વરસાદ નોંધાયો હતો.

---

## NHRC-GUJARAT

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગે એક દિવ્યાંગ RTI કાર્યકર્તાના કથિત મૃત્યુ કેસ સંદર્ભે ગુજરાતના મુખ્ય સચિવ અને પોલીસ વડાને નોટિસ પાઠવી છે.

12 ઓક્ટોબરના રોજ ગુજરાતના વાવ-થરાદ જિલ્લામાં તેમના ઘર નજીકથી RTI કાર્યકર્તાનું અપહરણ કરવામાં આવ્યું હતું તેમનો મૃતદેહ 14 ઓક્ટોબરના રોજ એક નહેરમાંથી મળી આવ્યો હોવાના અહેવાલ છે.મીડિયા અહેવાલોની નોંધ લેતા, આયોગે બે અઠવાડિયામાં વિગતવાર અહેવાલ માંગ્યો છે. મીડિયા અહેવાલો અનુસાર, RTI કાર્યકર્તાએ જાહેર-ખાનગી ભાગીદારી યોજના હેઠળ ઝૂંપડપટ્ટી પુનર્વિકાસ પ્રોજેક્ટમાં સ્થાનિક બિલ્ડરો દ્વારા કથિત બનાવટી લાભાર્થી દસ્તાવેજો અને અન્ય અનિયમિતતાઓ અંગે અધિકારીઓ સમક્ષ ફરિયાદ નોંધાવી હતી.

---

## INTERNATIONAL SNOW LEOPARD DAY

આજે આંતરરાષ્ટ્રીય હિમ ચિત્તા દિવસ છે. હિમ ચિત્તાના સંરક્ષણ પ્રયાસેને સમર્થન આપવા માટે આ દિવસ ઉજવવામાં આવે છે. સાંભળીએ એક અહેવાલ.

(V/C-HEENA MODI)

(વર્ષ 2024 માં, સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ 23 ઓક્ટોબરને આંતરરાષ્ટ્રીય હિમ ચિત્તા દિવસ તરીકે જાહેર કર્યો જેથી બરફ ચિત્તાના સંરક્ષણ પ્રયાસોને સમર્થન આપવા માટે આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક સહયોગ વધારવામાં આવે , એકંદર ઇકોસિસ્ટમમાં તેની મહત્વપૂર્ણ ભૂમિકાને માન્યતા આપવામાં આવે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ જૈવવિવિધતામાં અભૂતપૂર્વ વૈશ્વિક ઘટાડાને ઉલટાવી દેવાની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો , જેમાં જોખમમાં મુકાયેલી પ્રજાતિઓના લુપ્તતાને

અટકાવીને, તેમની સંરક્ષણ સ્થિતિ સુધારવા અને જાળવી રાખીને , અને પાણી, આરોગ્ય, આજીવિકા અને સુખાકારી સહિત આવશ્યક કાર્યો અને સેવાઓ પૂરી પાડતી ઇકોસિસ્ટમને પુનઃસ્થાપિત અને સુરક્ષિત કરવાનો સમાવેશ થાય છે. હીના મોદી આકાશવાણી સમાચાર અમદાવાદ.)

---

## ICC WOMEN'S CRICKET

ICC મહિલા એક દિવસીય ક્રિકેટ વિશ્વ કપ 2025માં , ભારત આજે નવી મુંબઈના DY પાટિલ સ્ટેડિયમ ખાતે ન્યુઝીલેન્ડ સામે મેચ રમશે. આ મેચ ભારતીય સમય મુજબ બપોરે 3 વાગ્યે શરૂ થશે. આ બંને ટીમો સેમિફાઇનલની આશા જીવંત રાખવા માટે બે પોઈન્ટ મેળવવા માટે ઉત્સુક છે. ભારતીય ટીમ જીતની નજીક પહોંચ્યા બાદ કેટલીક ભૂલોના કારણે સતત ત્રણ મેચ હારી છે. તેવી જ રીતે , ન્યુઝીલેન્ડની મહિલા ટીમ પણ આવી જ સ્થિતિમાં છે , અને અહીં બે પોઈન્ટ મહત્વપૂર્ણ રહેશે. જે કોઈ આ મેચ હારી જશે તે ટુર્નામેન્ટમાંથી બહાર થઈ જશે.

---

## SOUTH GUJARAT MILL

દક્ષિણ ગુજરાતની વધુ 50 મિલોએ મશીનરીમાં ફેરફાર કરી ડાઇંગ શરૂ કરવાનું આયોજન કર્યું છે. 450માંથી 60 મિલોમાં લાઇક્રા અને સ્પોર્ટ્સ વેર કાપડનું ડાઇંગ કરવામાં આવી રહ્યું છે. માંગ મુજબ મિલો પુરવઠો પણ પૂરો પાડી શકે છે તેમ દક્ષિણ ગુજરાત કાપડ વેપારી મંડળના પ્રમુખ જીતુ વખારિયાએ જણાવ્યું હતું.

(BYTE: JITU VAKHARIA, PRAMUKH)

---

# NEW YEAR GET TO GATHER

પાટણના સિદ્ધપુર ખાતે ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂત દ્વારા નૂતન વર્ષ સ્નેહ મિલન સમારંભનું આયોજન કરાયું હતું.

આ પ્રસંગે શ્રી રાજપૂતે સૌને નવા વર્ષની શુભકામનાઓ આપી , સિદ્ધપુર વિસ્તારના વિકાસ માટે તેમની નિરંતર પ્રતિબદ્ધતા પુનઃ દોહરાવી હતી. તેમણે કાર્યકર્તાઓના અતૂટ સહયોગ માટે આભાર વ્યક્ત કર્યો અને વિસ્તારના સર્વાંગી વિકાસ માટે સરકાર દ્વારા ચલાવવામાં આવી રહેલી વિવિધ યોજનાઓ અને પગલાંઓ વિશે પણ માર્ગદર્શન આપ્યું.

દરમ્યાન વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીની અધ્યક્ષતામાં થરાદ ખાતે બૃહદ બનાસકાંઠા જીલ્લાનો નૂતન વર્ષ સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો હતો . આ પ્રસંગે રાજકીય આગેવાનો સહિત મોટી સંખ્યામાં સ્નેહીજનો ઉપસ્થિત રહી નવા વર્ષની ઉજવણી કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

---

# AMC BRIDGE

અમદાવાદ મહાનગર પાલિકાની સ્થાયી સમિતિએ શહેરના ત્રણ જૂના પુલના સમારકામ માટે 21 કરોડ 55 લાખ રૂપિયાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટમાં ગાંધી બ્રિજ પર 38 સ્પાન , સરદાર બ્રિજ પર 48 અને પરિક્ષિતલાલ મજમુદાર બ્રિજ પર 3 સહિત 89 સ્પાન ઉપાડી માળખાકીય સ્થિરતા અને સલામતી સુધારવા માટે બેરિંગ્સ બદલવામાં આવશે. મહાનગરપાલિકાના અધિકારીએ જણાવ્યું હતું કે આ શ્રેણીના કામ માટે કોઈ સક્રિય ટેન્ડર અસ્તિત્વમાં ન હોવાથી ,

**હાલના એલિસ બ્રિજ કોન્ટ્રાક્ટરનો કાર્યક્ષેત્ર ત્રણ પુલોને સમાવવા માટે વિસ્તૃત કરાયું છે.**

---